# ફી માળખાના મામલે સ્કૂલો માટે ૧૭મીની તારીખ નિયત કરાઈ

## ૧૭મી સુધીમાં તમામ ખાનગી સ્કૂલોને દસ્તાવેજો તેમજ દરખાસ્ત રજૂ કરવી પડશે : વધુ તક સ્કૂલોને મળશે નહીં

અમદાવાદ,તા.૬

તમામ ચાર ફી રેગ્યુલેટરી કમિટિ (એફઆરસી) દ્વારા ફી માળખાને નક્કી કરવા માટે તેમના અંતિમ દસ્તાવેજો અને દરખાસ્તો રજૂ કરવા તમામ ખાનગી સ્કૂલો માટે ૧૭મી જાન્યુઆરી માટેની મહેતલ રજૂ કરી દીધી છે. અધિકારીઓએ કહ્યું છે કે, દસ્તાવેજોની સાથે ફી નક્કી કરવા માટે અરજી રજૂ કરવામાં જો કોઈ સ્કૂલ નિષ્ફળ રહેશે તો વધુ તક આપવામાં આવશે નહીં. આવી સ્કૂલોને પોતાની રજૂઆત કરવા માટે વધારે કોઈ તક પુરી પડાશે નહીં. આવી સ્કૂલોને એફઆરસી દ્વારા નક્કી કરવામાં આવેલી ફીને જ ત્યારબાદ સ્વીકારી લેવી પડશે. અત્રે નોંધનીય છે કે, ગુજરાત હાઈકોર્ટે હાલમાં જ અતિ મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. રાજ્ય સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા ફી રેગ્યુલેશન કાયદાની કાયદેસરની માન્યતાને યોગ્ય ઠેરવી હતી. હાઈકોર્ટના ચુકાદા બાદ એસોસિએશન ઓફ પ્રોગ્રેસીવ સ્કૂલે સુપ્રીમ કોર્ટમાં જવાનો નિર્ણય કર્યો હતો અને રાજ્યના કાયદાને પડકાર ફેંક્યો હતો. બીજી બાજુ રાજ્ય સરકારે આ સંદર્ભમાં કેવેટ દાખલ કરવાનો નિર્ણય કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૭મી ડિસેમ્બરે ગુજરાત હાઈકોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો હતો જેથી વાલીઓને રાહત થઈ હતી. ગુજરાત સ્વનિર્ભર શાળા(ફી નિયમન) કાયદા-૨૦૧૭ની બંધારણીય કાયદેસરતાને પડકારતી રાજયભરની સ્વનિર્ભર શાળાઓ તરફથી ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરાયેલી ઢગલાબંધ રિટ અરજીઓ હાઈકોર્ટે એક અતિમહત્વના અને ઐતિહાસિક ચુકાદા મારફતે ધરાર ફગાવી દીધી હતી. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ આર.સુભાષ રેડ્ડી અને જસ્ટિસ વી.એમ.પંચોલની ખંડપીઠે રાજય સરકારના ગુજરાત સ્વનિર્ભર શાળા(ફી નિયમન) કાયદા-૨૦૧૭ને બહાલ રાખ્યો હતો. ગુજરાત હાઈકોર્ટના આ સીમાચિહ્નરૂપ ચુકાદાને પગલે રાજયભરના વિદ્યાર્થીઓ અને વાલીઓને બહુ મોટી રાહત મળી છે તો, બીજીબાજુ, રાજયના ખાનગી અને સ્વનિર્ભર શાળા સંચાલકો સામે નીતિવિષયક નિર્ણયના મામલે રાજય સરકારની ગુજરાત હાઈકોર્ટમાં જીત થઈ છે.

## અમરાપુરમાં સામાન્ય બાબતે ઝઘડો થતા સાત સામે ફરીયાદ

હિંમતનગર, તા. ૬

હિંમતનગર તાલુકાના અમરાપુર ગામે શુક્રવારે સામાન્ય બાબતે થયેલા ઝઘડાનો મામલો હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો. જ્યાં પોલીસે એક ઈસમની ફરીયાદને આધારે સાત શખ્સો વિરૂદ્ધ ફરીયાદ દાખલ કરી હતી.

આ અંગે અમરાપુર ગામે રહેતા સોમસિંહ જેહસિંહ પરમારે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ આજ ગામના જીજ્ઞેશસિંહ ગગનસિંહ પરમાર તથા સોનલબેન જીજ્ઞેશસિંહ પરમાર શુક્રવારે સોમસિંહ પરમારના ઘરે જઈને કહ્યુ હતુ કે તુ મનીષાનું આધારકાર્ડ તથા જન્મનું પ્રમાણપત્ર અને ફોટો કેમ આપેલ છે તેમ કહી ગાળો બોલી મારામારી કરતા પપ્પુસિંહ ગગનસિંહ પરમાર, જયેશસિંહ ગગનસિંહ પરમાર, સપનાબેન જયેશસિંહ પરમાર, રંજનબેન ગગનસિંહ પરમાર તથા શિલ્પાબેન પપ્પુસિંહ પરમારે ગેરકાયદે મંડળી રચી હુમલો કરતા મનીષાબેનને લાગી આવ્યુ હતુ અને ઘરમાં જઈને પોતાની જાત પર કેરોસીન છાંટી દીવાસળી ચાંપી દેતા તેણી દાઝી ગયા હતા. જેથી સોમસિંહ પરમારે સાત જણા વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# પ્રાંતિજ ખાતે દલિત અધિકાર મંચ દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે દલિત અધિકાર મંચ દ્વારા અત્યાચારના વિરોધમાં પ્રાંતિજ ખાતે પણ પ્રાંતિજ તાલુકા દલિત અધિકાર મંચ દ્વારા પ્રાંતિજ તાલુકા પંચાયતથી આપ્યું હતું અને દોષિતો સામે કડકમાં કડક સજા થાય તેવી માંગ કરવામાં આવી હતી. તો તાલુકા પ્રમુખ



દલિતો ઉપર થઈ રહેલ હત્યાચારના વિરૂધ્ધ માં પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી એ.આર. ચૌધરીને આવેદનપત્ર આપ્યું હતુ.

મહારાષ્ટ્રના ભીમા કોરેગાંવમાં દલિત ઉપર થયેલા પ્રાંન્ત કચેરી સુધી રેલી યોજી વિવિધ સુત્રોચ્ચારો સાથે તાલુકા સેવાસદન ખાતે પહોચીને દલિતો ઉપર થઈ રહેલાં હત્યાચારના વિરોધમાં પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી એ.આર. ચૌધરીને આવેદનપત્ર દક્ષાબેન રાઠોડ, ભરતભાઈ સોલંકી, રેખાબેન સોલંકી, ભીખાભાી, મનહરભાઈ, સુરેશભાઈ, નૂતનભાઈ વગેરે આગેવાનો દલિત અધિકાર મંચના કાર્યકરો ઉપસ્થિત રહીને આવેદનપત્ર આપ્યું હતું.

## શહેરમાં વધતી ઘરફોડ ચોરીઓ ગુનાઓથી આક્રોશ

ગાંધીનગર, તા.૬

ગુજરાતની રાજધાની પાટનગર ગાંધીનગર છે. વીઆઈપીઓ, મુખ્યમંત્રી, મંત્રીશ્રીના સચિવો, પોલિસ અધિકારીઓ અહીં વસવાટ કરે છે. જયાંથી કાયદાનું સમગ્ર રાજયમાં સંચાલન થાય છે ત્યાં જ દિવા તળે અંધારું જેવી સ્થતિ છે. સલામતી નથી. છેલ્લા ૬ માસથી દિન પ્રતિદિન ઘરફોડ ચોરીઓ દિવસે-રાત્રે, વહેલી સવારે લુંટફાટ જેવા બનાવો બને છે પરંતુ પોલિસ તંત્ર ગાઢ નિંદ્રામાં પોઢેલા હોય તેમ જણાય છે. ટુંકમાં સલામતી કાયદો-વ્યવસ્થા પડી ભાંગેલ છે.

સેકટર-૩, ૪, ૫, ૭ જેવા સેકટરોમાં ઘરફોડ ચોરી-લુંટફાટ વધેલ છે. પોલીસ પેટ્રોલીંગની વ્યવસ્થા તૂટી પડી હોય તેમ જણાય છે. ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાના માર્ગદર્શન હેઠળ ગૃહમંત્રી, મુખ્યમંત્રીશ્રીને આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવશે તેમ જણાવાયું છે.

## ભિલોડા તાલુકાના કલ્યાણપુર ગામમાં જમીન મેળવવા મારા-મારી


ભિલોડા,તા.૬

ભિલોડા તાલુકાના કલ્યાણપુર ગામમાં જમીન,રીંગબોર અને ઘરનો ભાગ મેળવવા મારા-મારી દરમ્યાન ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની આપી જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરાતાં પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ છે. જર, જોરૂને જમીન કજીયાનું છોરૂ કહેવત અનુસાર કલ્યાણપુર ગામમાં પિતાની સંપત્તીમાં ભાગ મેળવવા મારામારીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

# સિવિલ કેમ્પસમાં શોપીંગ સેન્ટર પાસે આવેલ કેન્ટીન અસામાજીક તત્વોનો અડ્ડો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં શોપીંગ સેન્ટર પાસે નવનિર્મિત કેન્ટીન ધૂળ ખાઈ રહી છે. ત્યારે હવે આ કેન્ટીન રાત્રીના સમયે અસામાજીક તત્વો માટે કેન્ટીન અવાવરૂ જગ્યામાં ફેરવાઈ ગઈ છે. અસામાજીક તત્વોને બેસવા માટેનું આશ્રય સ્થાન બની ગયું છે. રાત્રીના સમયે અસામાજીક તત્વો દ્વારા દારૂની મહેફીલો જામતી હોય તેવુ લાગી રહ્યું છે. કેન્ટીન પાછળ



દારૂની મહેફીલ માણવા માટેનુ ઉત્તમ સ્થાન બની ગયુ હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે રાત્રીના સમયે આ વિસ્તારમાં પોલીસ પેટ્રોલીંગ સઘન બનાવાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની કાયાપલટ કરવામાં આવી છે. પાટનગરમાં મેડીકલ કોલેજ બનતા કરોડો રૂપિયાના ખર્ચે પાંચ માળની ઓપીડી બિલ્ડીંગ, આઠ માળની દર્દીઓને રાખવા માટે ઈન્ડોર બિલ્ડીંગ સહિત ગર્લ્સ, બોયઝ તેમજ પી.જી. હોસ્ટેલ તૈયાર કરવામાં આવી છે. ત્યારે તબિબિ છાત્રો અને દર્દીના સગાઓ માટે શોપીંગ સેન્ટર પાસે લાખો રૂપીયાના ખર્ચે કેન્ટીન બનાવાઈ છે. પરંતુ કેન્ટીનને કયું ગ્રહણ લાગ્યુ છે તે ખબર પડતી નથી. કારણ કે કેન્ટીન હજુ સુધી શરૂ થઈ નથી. લાખો રૂપીયાની દારૂની ખાલી બોટલ નજરે પડી રહી છે. સિવિલના તંત્રમાં કેન્ટીનની ફાઈલ ક્યાં અટવાઈ છે તે કોઈ જાણતુ નથી. ત્યારે બાજુમાં જ તબિબિ વિદ્યાર્થીઓની હોસ્ટેલ આવી છે. ત્યારે રાત્રીના સમયે સિવિલ કેમ્પસ વિસ્તારમાં પોલીસ પેટ્રોલીંગ વધુ સઘન બનાવાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# ગાંધીનગર દૂધ વાપરનારાઓની મંડળીનો સ્નેહમિલન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી પરીવારનો સ્નેહમિલન સમારંભ તા. ૪-૧-૨૦૧૮ને ગુરૂવારે સાંજે ૫ કલાકે આંબેડકર હોલ, સે. ૧૨ ખાતે યોજાયો હતો. જેમાં મંડળીના ૨૦૦ જેટલા દૂધ વિતરણે કન્દ્ર સંચાલકો પરીવાર સાથે તેમજ મંડળીના બોર્ડ ડીરેક્ટર્સ, કર્મચારીગણ અને દૂધ વિતરણ ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટરો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સ્નેહમિલન સમારંભના અધ્યક્ષસ્થાને ગુજરાત કો.ઓ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના મેનેજીંગ ડીરેક્ટર આર.એસ. સોઢી ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે મુખ્ય મહેમાનપદે અમુલ ફેડ ડેરીના ઈન્ચાર્જ જનરલ મેનેજર એ.કે. બયાતી અને તેમની સાથે મેનેજર સેલ્સ પ્રકાશભાઈ ક્રીસ્ટી પણ હાજર રહ્યા હતા. મંડળીના ચેરમેન દિલીપસિંહ ચૌહાણે સ્વાગત પ્રવચન કરી મહેમાનોનું શાબ્દીક સ્વાગત કરી મંડળીની કામગીરીથી સર્વેને પરિચય કરાવ્યો હતો. મંડળીના મેનેજીંગ ડીરેક્ટર ચંદ્રસિંહ વાઘેલા, વાઈસ ચેરમેન સુરેશકુમાર મહેતા, જોઈન્ટ મેનેજીંગ ડીરેક્ટર કેતનકુમાર પટેલ, હિસાબ સમિતિના ચેરમેન રેણુકાબેન પટેલ, દૂધ સમિતિના ચેરમેન ભાનુમતીબેન રોહિત તેમજ બોર્ડ ઓફ ડીરેક્ટર્સ સર્વ મંગળદાસ પટેલ, તેજાભાઈ દેસાઈ, રાજેશ પંચોલી, કે.સી. શાહ, પંકજભાઈ શુકલ, ઈશ્વરભાઈ પટેલ, બીપીનસિંહ વાઘેલા, ગજેન્દ્રસિંહ રાઠોડ અને હસુમતીબેન પટેલે મહેમાનોનું પુષ્પહારથી શાલથી અને મોમેન્ટો આપીને સ્વાગત કર્યું હતું.

કાર્યક્રમના સમાપને આભારવિધિ કેતનકુમાર પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મંડળીના જનરલ મેનેજર નરહરદાન ગઢવીએ કર્યુ હતુ. કાર્યક્રમના સમાપને તમામે સમૂહ ભોજનનો આનંદ માણ્યો હતો.

# ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા નવા સચિવાલય વિસ્તારના શ્રમિકોને ગરમ વસ્ત્રોની હુંફ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરમાં ઠંડીનું કાતિલ મોજું ફરી વળ્યું છે. નગરજનો ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે. દિવસે પણ નાગરિકો ઘરમાં પુરાઈ રહે તેવી સ્થિતિ ઉદભવી છે. ત્યારે પાટનગરના નવા સચિવાલય આસપાસ રહેતા શ્રમિકોને શહેર વસાહત મહામંડળ દ્વારા ગરમ વસ્ત્રોની હુંફ આપવામાં આવી છે.

શહેર વસાહત મહામંડળ દ્વારા શ્રમિકોને ઠંડીમાં રક્ષણ મળી રહે તે માટે સ્વેટર, પટ્ટી, ગરમ ટોપી, મફલર સહિતના ૨૦થી વધુ વસ્ત્રો પહોંચાડવામાં આવ્યા હતા. ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અને અરુણોદય સેવા ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે માનવતાનો સાદ ઝીલીને ઠંડીમાં કામ કરતા શ્રમિકો તેમજ આદિવાસી વિસ્તારમાં ભણતા વિદ્યાર્થીઓને ગરમ વસ્ત્રો પહોંચાડવાનું કાર્ય ૧૯૯૪થી કરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીમાં એક લાખ બોતેર હજાર આઠસો જરૂરીયાતમંદ લાભાર્થીઓને સહાય પુરી પાડવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે વિના મુલ્યે પગરખા વિતરણના સેવા કાર્યમાં પણ શહેર વસાહત મહામંડળે ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં રેકર્ડ નોંધાવેલ છે. જયારે આજના સેવાકાર્યમાં વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બુચ, ઉપપ્રમુખ મયુરભાઈ વ્યાસ, મહામંડળના સલાહકાર બી.એ. શુકલ, અશોક રીંઠાણી, કિશોર જીકાદરા, સીતારામ પટેલ અને ભાનુભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા. નવા સચિવાલય વિસ્તારમાં કરવામાં આવેલા આયોજનની વ્યવસ્થા શશીકાંતભાઈ મોઢાએ સંભાળી હતી.

### વિપક્ષના નેતાપદે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૦૧૯ની ચૂંટણી સહિતના તમામ પાસાઓને ધ્યાનમાં લઈ આખરે પક્ષના યુવા નેતા અને અમરેલીના ધારાસભ્ય પરેશ ધાનાણીના નામ પર પસંદગીનો કળશ ઢોળ્યો હતો. કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા મંજૂરીની મ્હોર વાગી જતાં મોડી સાંજે કોંગ્રેસ પક્ષ દ્વારા સત્તાવાર રીતે પરેશ ધાનાણીનું નામ વિપક્ષના નેતા તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. વિપક્ષના નેતાનું નામ જાહેર થતાં જ ગુજરાત કોંગ્રેસમાં ખુશીની લાગણી ફેલાઈ ગઈ હતી. તો બીજીબાજુ, કોંગ્રેસના કેટલાક જૂથમાં ધાનાણીનું નામ જાહેર કરાતાં આંતરિક નારાજગી પણ પ્રવર્તી હતી કારણ કે, ધાનાણીની સાથે વિપક્ષના નેતાની રેસમાં કોંગ્રેસના ધારાસભ્ય કુંવરજી બાવળિયા, વિક્રમ માડમ અને મોહનસિંહ રાઠવા પણ મેદાનમાં ઉતરી આવ્યા હતા. તેમાંના કેટલાકે તો મીડિયા સમક્ષ વિવાદીત નિવેદનો પણ આપ્યા હતા, જેને લઈને પક્ષના રાષ્ટ્રીય નીરીક્ષકોએ તેમને ઠપકો આપી વિવાદ ખાળવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, આંતરિક હુંસાતુંસી અને વિખવાદ વચ્ચે પણ કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા આખરે પક્ષના યુવા ધારાસભ્ય પરેશ ધાનાણી પર જ પસંદગી ઉતારવામાં આવી હતી. કોંગ્રેસના ચૂંટાયેલા ધારાસભ્યો પૈકીના મોટાભાગના ધારાસભ્યોએ પણ ધાનાણીના નામ પર સર્વસંમંતિ બતાવી હતી.

### વોટર લાઈન...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેના અંદાજ મુજબ સે- ૧થી ૩૦ માં સ્ટોર્મ વોટર લાઈનનુ કામ હાથ ધરવા માટે રૂ ૭૯ કરોડના ખર્ચનો અંદાજ છે. જયારે આ તોતિંગ ખર્ચ બજેટમાં મંજુર થાય બાદ જ સ્ટોર્મ વોટર લાઈનનુ કામ હાથ ધરી શકાય તેમ છે. આવા સંજોગોમાં તંત્ર દ્વારા આ મામલે દરખાસ્ત કરી વિભાગને સુપ્રત કરી દેવામાં આવી છે. આગમી દિવસોમાં નાણાંકીય ખર્ચની જોગવાઈના અંતે તબક્કાવાર વરસાદી પાણીના નિકાલનુ કામ હાથ ધરાશે.

### સામાન્ય પ્રવાહ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૮૧ શાળાઓ દ્વારા રજીસ્ટ્રેશન કરવામાં આવ્યુ હતુ. જે અન્વયે ૧૩ હજાર વિદ્યાર્થીઓની પરીક્ષા માટે નોંધણી કરવામાં આવી છે. ગત વર્ષ દરમિયાન ૧૫ હજાર જેટલા વિદ્યાર્થીઓએ બોર્ડની કસોટી આપી હતી. જયારે ગત વર્ષની સાપેક્ષમાં બે હજાર વિદ્યાર્થીઓનો ઘટાડો નોંધાયો છે. બાર્ડ પરીક્ષાને અનુલક્ષી શિક્ષણ તંત્ર અને બોર્ડ દ્વારા જરૂરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જયારે વિદ્યાર્થીવર્ગ પણ આખરી તબક્કાની તૈયારીમાં લાગી ગયો છે.

### બ્લાસ્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સવારે ૯-૪૫ વાગ્યાની આસપાસ બ્લાસ્ટ કરવામાં આવ્યા બાદ અફડાતફડી મચી ગઈ હતી. સોપોરેમાં હુરિયત તરફથી આજે બંધની હાકલ કરવામાં આવી હતી. બંધની હાકલના કારણે પહેલાથી જ મજબુત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. બંધ દરમિયાન જ ત્રાસવાદીઓએ આઈઈડી બ્લાસ્ટ કર્યો હતો. બ્લાસ્ટ થયા બાદ જમ્મુકાશ્મીર પોલીસના એડીજી મુનીર અહેમદ ખાન અને સેનાના તમામ અધિકારી ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. સર્ચઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. સુરક્ષા જવાનો આ ઘટનામાંસામેલ રહેલા લોકોની શોધ કરી રહી છે. જમ્મુ કાશ્મીરમાં પોલીસ જવાનો ત્રાસવાદીઓના હિટ લિસ્ટમાં રહ્યા છે. પૂર્વની ઘટનાની વાત કરવામાં આવે તો વર્ષ ૨૦૧૭માં કાશ્મીર ખીણમાં જિલ્લામાં ત્રાસવાદીઓએ પોલીસ ટીમને ટાર્ગેટ બનાવીને હુમલા કર્યા હતા. દક્ષિણ કાશ્મીરના કેટલાક જિલ્લામાં પોલીસ કેમ્પ પર આત્મઘાતી હુમલા પણ કરવામાં આવી ચુક્યા છે. શહીદ થયેલા પોલીસ જવાનો પૈકી ત્રણની ઓળખ કરી લેવામાં આવી છે જેમાં ડોડાના એએસઆઈ ઈરશાદ, કુંપવારાના એમ અમીન, સોપોરેના ગુલામ રશુલ અને સોપોરેના ગુલામ નબીનો સમાવેશ થાય છે.

### લાલુ પ્રસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુનાવણી દરમિયાન લાલૂ અને જજ વચ્ચે વાતચીતના કેટલાક પ્રસંગ સપાટી ઉપર આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, લાલૂ પ્રસાદ યાદવ પરિવારને ૨૩મી ડિસેમ્બરના દિવસે મોટો ફટકો પડ્યો હતો. બિહારના પૂર્વ મુખ્યમંત્રી અને આરજેડીના વડા લાલૂ યાદવને ઘાસચારા કૌભાંડમાં વધુ એક મામલામાં રાંચીની સીબીઆઈ કોર્ટે દોષિત જાહેર કર્યા હતા. અલબત્ત કોર્ટે ૨૨ આરોપીઓમાંથી પૂર્વ મુખ્યમંત્રી જગન્નાથ મિશ્રા સહિત છ લોકોને નિર્દોષ છોડી મુક્યા હતા. લાલૂ યાદવને રાંચી કોર્ટમાંથી સીધીરીતે બિરસામુંડા જેલમાં લઈ જવામાં આવ્યા હતા. ૧૯૯૬માં થયેલા આ કૌભાંડ સાથે જોડાયેલા એક મામલામાં ૨૦૧૩માં નિચલી અદાલતે લાલૂ યાદવને દોષિત જાહેર કર્યા હતા. આ કૌભાંડમાં એવા લોકો ઉપર અલગ અલગ છ કેસો ચાલી રહ્યા છે. લાલૂ ઉપરાંત આરોપીઓમાં બિહારના પૂર્વ મુખ્યમંત્રી જગન્નાથ મિશ્રા સહિત વિદ્યાસાગર મિસાદ, આરકે રાણા, ધ્રુવ ભગત, આઈએએસ ઓફિસર મહેશ પ્રસાદ, બેક જુલિયસ સહિત ૨૨ લોકો સામે કેસ ચાલી રહ્યો હતો. ઘાસચારા કૌભાંડમાં તત્કાલિન મુખ્યમંત્રી લાલૂ અને જગન્નાથ મિશ્રા ફસાઈ ગયા હતા. ૨૩મી ડિસેમ્બરે ખાસ અદાલતે દેવઘરની સરકારી તિજોરીમાંથી ૮૪.૫૩ લાખ રૂપિયાની ગેરકાયદેરીતે ઉચાપતના મામલામાં લાલૂ યાદવને દોષિત જાહેર કર્યા હતા. આ કેસમાં દોષિત જાહેર થયા બાદ લાલૂને પોતાની સાંસદ તરીકેની છાપ ગુમાવવાની ફરજ પડી હતી અને એકરીતે રાજકીય વનવાસનો સામનો કરી રહ્યા છે. જાન્યુઆરી ૧૯૯૬માં આશરે ૯૫૦ કરોડ રૂપિયાના કૌભાંડનો પર્દાફાશ થયો હતો તે વખતે તત્કાલીન અધિકારી અમિત ખરેએ પશુપાલન વિભાગની ઓફિસ પર દરોડા પાડ્યા હતા. ત્યારે એવા દસ્તાવેજ મળ્યા હતા જેનાથી જાણવા મળ્યુ કે વર્ષ ૧૯૯૦માં એવી કંપનીઓને સરકારી ભંડોળથી ચારા પુરવઠાના નામ પર પૈસા જારી કરવામાં આવ્યા હતા. જે કંપનીઓ હતી જ નહી. માર્ચ ૨૦૧૨માં ઘાસચારા કૌભાંડ સાથે સંબધિત કેસમાં ૪૪ લોકોની સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

## કંપની સમાચાર

### અમેરિકા સ્થિત એસ્થેટિક સેન્ટર કા-લોને ભારતમાં કામગીરી શરૂ કરી

**આ કેન્દ્ર ત્વચા, વાળ અને શરીર માટે અત્યાધુનિક ટેકનોલોજી પુરી પાડશે : ગુણવત્તાપૂર્ણ અને સોંઘી તબીબી માર્ગદર્શન સાથે એસ્થેટિક સેવા આપશે**

અમેરિકા સ્થિત મેડિકલ સ્પા કા-લોન સ્કિન ક્લિનિકે ભારતમાં તેની કામગીરી શરૂ કરી છે. ક્લિનિકે તેનુ સૌપ્રથમ લેસર, સ્કીન અને સ્લિમિંગ કેન્દ્ર અમદાવાદમાં રજુ કર્યુ છે. કા-લોન સ્કિન ક્લિનિક અમદાવાદ શહેરના સૌથી મોટા અને અત્યાધુનિક સ્કીન કેર તથા સ્લિમિંગ કેન્દ્રોમાંનું એક છે. આ સેન્ટર તબીબી માર્ગદર્શન સાથે અત્યાધુનિક સારવાર પદ્ધતિ પુરી પાડશે, જે સર્વોચ્ચ સ્તરની આંતરરાષ્ટ્રીય ગુણવત્તાના માપદંડોની પુષ્ટી કરે છે. તે આ શહેરના લોકોને ત્વચાના સંપૂર્ણ અને અસરકારક ઉકેલ પૂરા પાડવાની ખાતરી આપે છે.

ક્લિનિકે મહિલાઓ અને પુરૂષોના શરીરના અનિચ્છિત વાળની સમસ્યા સામે લડવા અત્યાધુનિક ટેકનોલોજી સોપ્રાનો આઈસ પ્લેટીનમનું પણ અનાવરણ કર્યુ હતુ. ભારતમાં ૧૦ થી ૪૫ વર્ની વયની ૧૦ ટકા મહિલાઓ વાળની અનિયમિત વૃદ્ધીની સમસ્યાનો સામનો કરી રહી છે. આ સમસ્યાનો સામનો કરતી મહિલાઓ મોટાભાગે ચહેરાની બંને બાજુ, હોઠ, હડપચીની ઉપર, પીઠની ઉપરના ભાગમાં, ખભા પર, સ્તનના ભાગે અને પેઢુની ઉપરના ભાગે વાળમાં વૃદ્ધિનો સામનો કરતી હોય છે. શરીર પર અનિચ્છિત વાળથી વ્યક્તિની મનઃ સ્થિતિ ખોરવાઈ શકે છે. જેથી તેઓ ભાવનાત્મક સુખાકારી, જીવનની ગુણવત્તા અને જીવનના સંતોષના અભાવ જેવી મુંઝવણોમાં ફસાઈ શકે છે. પ્રોસ ઈવેન્ટમાં કા-લોન સ્કિન ક્લિનિકના સીઈઓ અને સ્થાપક પાર્થેશ વકિલ, કા-લોન સ્કિન ક્લિનિકના સ્થાપક અને એન્જલ રોકાણકાર કૌશલ શાહ અને અલ્મા લેસર ઈન્ડિયા અને સાર્ક ઓપરેશન્સના એમડી સૌમેન દત્તા ઉપસ્થિત રહ્યા હતા.

### શ્રોતાઓને ડોલાવ્યા...

● ત્રીજા પાનાનું ચાલુ

કાશ્મિરની સંસ્કૃતિ અંગે રસપ્રદ વાતો પણ કરી હતી અને જણાવ્યુ હતુ કે 'કાશ્મિરી પંડિતો વગર કાશ્મિર અધુરૂ છે, અને હજુ પણ તેમની ખોટ સાલે છે, ગાંધીનગર સમાચાર સાથેની ખાસ વાતચીતમાં ગુલઝાર એહમદે જણાવ્યું હતું કે 'કાશ્મિરની ધરતી ઋષિમુનિઓની ધરતી છે જેણે અનેક સૂફી સંગીતકારો પેદા કર્યા છે, સૂફી સંતોએ માનવીના અસ્તિત્વ અંગે શોધ કરવાનું કામ કર્યું છે.' આ સાથે તેમણે કહ્યું હતું કે 'સૂફી પરંપરાનું જોડાણ સીધુ ઈશ્વર સાથે હોય છે, તેમાં કોઈ બંદૂક કે ધાર્મિક ભેદભાવને સ્થાન નથી.' અત્રે ઉલ્લેખનીય છે કે દેશ-વિદેશમાં અનેક કાર્યક્રમો થકી જાણીતા ગુલઝાર અહેમદ ગનાઈ પ્રથમવાર ગુજરાત આવ્યા હતા.

### મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

૨૦૧૪માં એ રકમ કેન્સર વિભાગને આપવાનું કેમ બંધ કર્યું તેની પણ એક પોઝિટિવ કથા છે.

એક પોળમાં બીજી પોળ હોય એવું છે.

અર્ચન ત્રિવેદીના જીવનસાથી, એના જેવાં જ લડાયક અને બહાદુર જિગિષાબહેનનાં મામાનાં દીકરી સોનલ જાનીએ સામેથી કહ્યું કે હવે આ જવાબદારી મને સોંપો.

હું દર મહિને આ પૈસા ભરીશ.

કોઈ પૂજા વિધિમાં જમણો હાથ પૂજામાં બેસનારી વ્યક્તિને અડાડતાં હોય તેમ, એવા જ પવિત્ર ભાવથી, સોનાલીબહેને આ પુણ્યકર્મ પોતાના હસ્તક લીધું. તેઓ ૨૦૧૪ થી હવે તેઓ અમદાવાદની એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલના કેન્સરના બાળ દરદીઓની દત્તક યોજનાના પૈસા ભરે છે.

-----

અને અંતે આ અભિનેતા અર્ચન ત્રિવેદીએ કેન્સરને હરાવ્યું છે. સરસ રીતે, મસ્ત રીતે, અઢી વર્ષની પ્રસન્નકર લડત આપીને હરાવ્યું છે.

શક્ય છે કે દવાઓએ પોતાનું કામ કર્યું જ

આભાર - નિહારીકા રવિયા હશે. અને સાચા મનની અનેક દુઆઓએ પણ પોતાની ભૂમિકા ભજવી જ હશે. પણ મૂળ વાત છે જીવનનાયકના મક્કમ નિર્ધારની. તેના પોઝિટિવ મિજાજ અને રુઆબની. અર્ચન ત્રિવેદીએ હસતાં હસતાં જંગ ખેલ્યો અને તેઓ જીત્યા. આપણે સૌ સામાન્ય દુઃખ આવી પડતા નાશીપાસ થઈ જઈએ છીએ. હારી જઈએ છીએ. જ્યારે આ અર્ચન ત્રિવેદીએ તો છેક યમરાજને પોતાના જીવનદ્વારેથી પાછા મોકલ્યા છે. માત્ર પોતાની આંતરિક સકારાત્મક શક્તિ અને પ્રેમથી. આઈ લવ યુ કહેવાનું મન થઈ જાય તે રીતે તેમણે જીત મેળવી. તો ચાલો આપણે સૌ એક અવાજે આ મહાન અભિનેતા અર્ચન ત્રિવેદીને, આખું વિશ્વ સાંભળે એટલા ઊંચા અવાજે એક સાથે કહીયે અર્ચનભાઈ...આઈ લવ યુ ?

સંપર્ક - અર્ચન ત્રિવેદી : ૯૪૨૬૩ ૬૭૫૫૨
- 9426060601.india@gmail.com

ટચૂકડી જાહેર ખબર

**જોઈએ છે**

૨૪ કલાક, ઘરકામ, રસોઈ માટે બેન
સંપર્ક : સવારે ૮ થી ૧૦
૧૫૦, સેક્ટર-૮/સી,
શોપીંગ પાછળ, ગાંધીનગર
Email : sonaxad@rediffmail.com

**રસોઈ કામ માટે**

ગુજરાતી રસોઈ કામ માટે બ્રાહ્મણ બહેનની જરૂર હોય તો સંપર્ક કરો
મો. ૭૭૦૧૯૬૧૫૧૪

**MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, MUMBAI**
**NOTICE UNDER RULE 260(1) OF MAHARASHTRA MOTOR VEHICLE ACT - 1989**
**APPLICATION NO. 965/2016**

Shri Mustaq Memanji Sunsara ... Applicant
V/s
Shri Akbarali Saritbhai Asamadi .... Opp.Party
And
New India Assurance Co. Ltd. ..... Insurance

To,
Shri Akbarali Saritbhai Asamadi
At: Meeta, Tal. Vadgaon BK Meta,
Gujarat - 385525

Whereas as per the application annexed, the applicant have filed an application against you to get the compensation Under Section 166 & 140-A of Motor Vehicle Act - 1988 regarding the mentioned accident under section 165 clause (1) of Motor Vehicle Act - 1988. You are therefore require to remain present in Court No. 04 on 22/01/2018 at 11. A.M. for hearing of the claim application before Hon'ble Member of the Tribunal which you please take notice thereof.

You are hereby inform that you may remain present on the aforesaid fix date with your evidence and file your say in the matter. It you failed to remain present or not produce any evidence then the above claim application shall be heard in your absence and order shall be pass accordingly. which you please take note.

This Notice issued today on 21/11/2017 with my signature and seal of the Judiciary Court.

By Order
Court Seal
Registrar
M.A.C.T. Mumbai
9, H.S. Marg, Mumbai - 400001